૩૪૦૪૭ - ૩૪૩૯૭

ક્રમાંકઃ ક–૩/પ૨ચ/૨૦૧૯
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
અનાવિલભવનની સામે,
કારેલીબાગ,વડોદરા
તા.૧૪/૮/૨૦૧૯

પ્રતિ,
આચાર્યશ્રી,
વડોદરા શહેર જિલ્લા માધ્યમિક/ઉ.મા.શાળા
(ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ)

**વિષયઃ– પૂલવામાં શહીદ રીલીફ ફંડ ચેક અર્પણ વિધી કાર્યક્રમ બાબત.**

ઉપરોક્ત વિષય અન્વયે આપ સૌને વિદિત છે કે પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણમાં મૂલ્ય આધારિત શિક્ષણની ખુબ જ અગત્યતા છે. મૂલ્ય આધારિત શિક્ષણ માટે આપણે સૌ પ્રયત્ન કરી રહયા છીએ. બી.એ.પી.એસ. સંસ્થાએ પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ ઉપક્રમે પ.પૂ.પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી આ અંગે ખૂબ સુંદર કાર્યક્રમ તૈયાર કરેલ છે. બી.એ.પી.એસ.સંસ્થા ધ્વારા તૈયાર થયેલ "ચાલો આદર્શ બનીએ" ની દ્રશ્ય–શ્રાવ્ય કાર્યક્રમ ગુજરાત રાજયના ઘણા સેન્ટરોમાં ખુબ સારી રીતે અમલમાં મુકવામાં આવ્યો છે. આ કાર્યક્રમનો લાભ વડોદરા જિલ્લાની તમામ શાળાઓને મળે તે માટેનું આયોજન કરવામાં આવેલ છે.

ઉપરાંત આપણા વડોદરા શહેર જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ ધ્વારા પુલવામાંના શહીદોનું ઋણ ચુકવવા માટે માતબર રકમનું દાન એકત્ર કરવામાં આવ્યું છે. આ પ્રસંગે માનનીય શિક્ષણમંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના વરદ હસ્તે **"Army Welfare Fund Battle Causalitiescc GF Officiating Commandant - Brigadier Dr.Sanjay Devasthali** ને અર્પણ કરવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

**તારીખ : ૨૦/૦૮/૨૦૧૯, મંગળવાર**
**સમય : સાંજે ૪.૦૦ કલાકે**
**સ્થળ : યજ્ઞપુરુષ સભાગૃહ**
**બી.એ.પી.એસ.સ્વામિનારાયણ મંદિર,**
**અટલાદરા, વડોદરા**

ઉપરોક્ત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા આપને ભાવભર્યુ નિમંત્રણ છે.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

**<u>વિશેષ નોંધ :</u>**

- દરેક શાળાનું રજીસ્ટ્રેશન ફરજીયાતપણે કરવાનું રહેશે.
- વડોદરા શહેર જિલ્લાની દરેક શાળામાંથી આચાર્યશ્રી અને એક કમ્પ્યુટર જાણકાર શિક્ષકે ફરજિયાત હાજર રહેવું.
- પ્રાથમિક/માધ્યમિક શાળાનો યુ–ડાયસ નંબર અવશ્ય લાવવો જરૂરી છે.
- કાર્યક્રમના અંતમાં સર્વ માટે ભોજન–પ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. જેનો લાભ અવશ્ય લેવો.

**<u>સૌજન્ય :</u>**

**બી.એ.પી.એસ.સ્વામિનારાયણ મંદિર,**
**અટલાદરા, વડોદરા**

Scanned by CamScanner